BRAMPTON Flower City brampton.ca

media release

14 જાન્યુઆરી 2019

**સીટી ઓફ બ્રૅમ્પટન પહેલી વખત વધતી જતી વયના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવા વિષયક જાહેર ચર્ચા (Age-Friendly Forum) હાથ ધરી રહ્યા છે.**

***બ્રૅમ્પટનને જીવનનિર્વાહનું એક ઉત્તમ સ્થળ કેવી રીતે બનાવી શકાય તે માટે તમામ વયના નાગરિકોને આમંત્રણ આપવામાં આી રહ્યું છે.***

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – સીટી ઓફ બ્રૅમ્પટનની  વધતી જતી વયના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવાની વ્યૂહરચનાનાં વિકાસાર્થે થઈ રહેલા કાર્યના ભાગરૂપે નાગરિકોને એક વાર્તાલાપમાં જોડાવાનું આમંત્રણ આપવામાં આ છે કે જીવનનાં બધાં જ તબક્કામાંથી પસાર થવા માટે બ્રૅમ્પટનને કેવી રીતે એક ઉત્તમ સ્થળ બનાવી શકાય.

શેરિડન કૉલેજના સમર્થન સાથે શહેર તેમની પ્રથમ વધતી જતી વયના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવા વિષયક જાહેર ચર્ચા (Age-Friendly Forum) જાન્યુઆરી 19ના દિને સવારે 9:30 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી હાથ ધરી રહ્યા છે. આ ઈવેન્ટ ફ્લાવર સીટી સિનિયર્સ સેન્ટર (Flower City Seniors Centre) (8870 મકલાફ્લિન રોડ સાઉથ (McLaughlin Road South)) ખાતે હાથ ધરાશે.

આ મફત ઈવેન્ટ તમામ વયનાં નાગરિકો માટે ખુલ્લી છે. મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ:

- મુખ્ય વક્તવ્ય ગીલ પેનાલોઝા આપશે, જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત વિના નફાના સંગઠન 8 80 સિટીઝ (8 80 Cities)નાં પ્રણેતા છે. આ સંગઠનનું સર્જન સરળ પરંતુ શક્તિશાળી ફિલસૂફીના આધારે થયું હતું. "જો આપ એક આઠ વર્ષીય બાળક અને એક 80 વર્ષનાં વ્યક્તિ માટે મહાન શહેર બનાવશો ત્યારે તમે તમામ લોકો માટે એક સફળ શહેરની રચના કરી હશે."
- પ્રસ્તુતિઓ, પ્રવૃત્તિઓ અને માહિતી આપવાના કેન્દ્રો
- ડોર પ્રાઈઝ અને લહાણીઓ
- સવારની કૉફી અન બપોરનું હળવું ભોજન

શહેરની વધતી જતી વયના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરવાની વ્યૂહરચના નાગરિકોને સ્વસ્થ રહેવામાં, સુરક્ષિત રીતે વૃદ્ધ થવામાં અને ઉચ્ચ ગુણવત્તાનું જીવન જીવવામાં મદદરૂપ થતી સેવાઓ મળે તે સુનિશ્ચિત કરશે. તે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ઉપયોગમાં લેવાયેલ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી જાહેર પરિવહન, આવાસ, જાહેર ઈમારતો અને આઉટડોર સ્થળો, રોજગારી, સામાજિક સામેલગીરી અને સમાજ સેવા સહિત વધતી જતી વયના લોકો સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર કરતા સમુદાયો વ્યાખ્યાયિત કરી શકાય.

ચર્ચામાં જગ્યા મર્યાદિત છે અને રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટર કરવા  માટે અહીં મુલાકાત લો www.brampton.ca/agefriendly અથવા 905.874.2054 પર કૉલ કરો.

**ક્વોટ:**

"બ્રૅમ્પટન કૅનેડાનાં સૌથી યુવાન શહેરો પૈકી એક છે પરંતુ આપણે ત્યાં 50ની વય વટાવતી વસ્તી પણ ઝડપથી વધી રહી છે. જ્યારે આપણે બ્રૅમ્પટનને વધુ સરસ રીતે રહેવાલાયક સ્થળ બનાવવાની વાત કરીએ ત્યારે તે મહત્ત્વનું છે કે વાર્તાલાપમાં તમામ વયનાં લોકો જોડાય."

- *મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown)*

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતા ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઇનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter, Facebook, અને Instagramપર અનુસરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca